Vibrant GUJARAT 2015 11-13 Jan. The Global Business Hub | 7th Global Summit

ક્રમાંક/એમવીપી/૨૬૫૨૦૧૧/૭૧/
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૬
બીજે માળ, સચિવાલય, ગાંધીનગર.
તા. -૯-૨૦૧૪.

7 OCT 2014

**અગત્યનું.**

પ્રતિ,
તમામ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી.
તમામ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી.

વિષયઃ-ધી કેરેજ બાય રોડ એક્ટ,૨૦૦૭ અને ધી કેરેજ બાય રોડ રુલ્સ,૨૦૧૧ અન્વયે સ્વીકારવાની ફી બાબત.

સંદર્ભઃ-(૧) પરિપત્ર ક્રમાંક :એમવીપી/૨૬૫૨૦૧૧/૭૧/૬૧૩૨,તા.૨૫-૮-૧૪
(૨) બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય,ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક-એમવીડી-૧૦૨૦૧૧-૨૩૬૧-ખ, તા.૪-૩-૧૪.

શ્રીમાન,

ધી કેરેજ બાય રોડ એક્ટ,૨૦૦૭ અને ધી કેરેજ બાય રોડ રુલ્સ,૨૦૧૧ ના અમલીકરણ માટે વિગતવાર માર્ગદર્શન આપતો પરિપત્ર સંદર્ભ-૧ થી કરવામાં આવેલ છે. તે અગાઉ આ કાયદાના અમલ કરવા વખતો વખત સૂચનાઓ આપવામાં આવેલ છે. સંદર્ભ-૨ થી મોટર વાહન ખાતામાં મોટર વાહન વેરો વસૂલવાની કામગીરી ઈ પેમેન્ટ ધ્વારા કરવાનું નકકી કરવામાં આવેલ છે.

ધી કેરેજ બાય રોડ એક્ટ,૨૦૦૭ હેઠળ કોમન કેરીયરની નોંધણી વિગેરેની કામગીરી કરવાની થાય. આ કામગીરી માટે અલગ અલગ ફી તેમજ વ્યાજ વગરની સીકયુરીટી ડીપોઝીટ ઠરાવેલ છે. આ ફીની જોગવાઇ, ભરવાની રીત તેમજ સ્વીકારવાની રીત માટે નીચે પ્રમાણે સૂચના આપવામાં આવે છે.

(૧) આ કાયદા હેઠળની અલગ અલગ કાર્યવાહીઓ માટે નિયમમાં અલગ અલગ ફી ઠરાવવામાં આવી છે. જે નીચે પ્રમાણે છે.

| ક્રમ | હેતુ | રકમ |
|---|---|---|
| ૧ | નોંધણી પ્રમાણપત્ર સાથે રજુ કરવાની વ્યાજ વગરની સીકયુરીટી ડીપોઝીટ | રૂ.૫૦૦૦/- |
| ૨ | નોંધણી પ્રમાણપત્રની અરજી સાથેની ફી | રૂ.૧૦૦૦/- ઉપરાંત રૂ.૨૫૦/-(પ્રોસેસીંગ ફી) |
| ૩ | નોંધણી પ્રમાણપત્ર રીન્યુ કરવાની ફી | રૂ.૧૦૦૦/- રૂ.૨૫૦/-(પ્રોસેસીંગ ફી) |
| ૪ | નોંધણી પ્રમાણપત્રમાં સુધારા/વધારાની ફી /ડુપ્લીકેટ ઇસ્યુ કરવાની ફી | રૂ.૨૫૦/-(પ્રોસેસીંગ ફી) |
| ૫ | અપીલ સાથે રજુ કરવાની ફી | રૂ.૫૦૦/- |

(૨) આ ફી ડીમાન્ડ ડ્રાફ્ટ, રોકડમાં અથવા ઇ.પેમેન્ટ મારફતે ભરવાની રહેશે.
(૩) આવો ડીમાન્ડ ડ્રાફ્ટ વેલીડ તથા જે તે આરટીઓ કચેરીએજ (લોકલ સ્થળ) પેયેબલ હોવો જોઇશે.
(૪) ઇ પેમેન્ટ સુવિધા શરુ ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે મેન્યુઅલી કાર્યવાહી કરવાની રહેશે.
(એ) આવો ડીમાન્ડ ડ્રાફ્ટ મળતાં તેની ત્રણ (૦૩) નકલમાં રસીદ ઇસ્યુ કરવાની રહેશે.
(બી) રસીદમાં ડી.ડી.નંબર, બેન્કનું નામ-બ્રાંચનું નામ, ઇસ્યુ તારીખ, તથા અરજદારનું નામ લખવાનું રહેશે.
(સી) આ રસીદોમાં પ્રથમ નકલ અરજદારને આપવાની રહેશે. બીજી નકલ અરજી/દસ્તાવેજો સાથે જોડવાની રહેશે જયારે ત્રીજી નકલ કેશ બુકમાં રહેશે. જેના આધારે કેશ રજીસ્ટર

નિભાવવાનું રહેશે. આ રજીસ્ટરમાં પણ અરજદારનું નામ તેમજ ઉપર જણાવ્યા પ્રમાણેની વિગતો દર્શાવવાની રહેશે.

(ડી) રસીદમાં ફીના વિષયને લગતો નોંધણી કોડ નીચે દર્શાવ્યા પ્રમાણે લખવાનો રહેશે.

| ક્રમ | ફીનો વિષય | નોંધણી કોડ |
|---|---|---|
| ૧ | નવી નોંધણી સીકયોરીટી ડીપોઝીટ ફી | CBRF (Regi.security) |
| ૨ | નવી નોંધણી ફી | CBRF (Regi.) |
| ૩ | રીન્યુઅલ ફી | CBRF (Renew) |
| ૪ | સુધારા-વધારા ફી | CBRF (Amend) |
| ૫ | ડુપ્લીકેટ નોંધણીની ફી | CBRF (Duplicate) |
| ૬ | અપીલ ફી | CBRF (Appeal) |

(૫) આ ફી ભરપાઇ કરવા બીજી વિકલ્પીક વ્યવસ્થા ન થાય ત્યાં સુધી મેન્યુઅલી રીતે સ્વીકારવાની રહેશે. જેની રસીદ કોમ્પ્યુટરાઈઝ રીતે પણ આપી શકાશે. આ ફી વસુલતી વખતે ઉપર દર્શાવ્યા પ્રમાણે રસીદમાં નોંધ કરવાની રહેશે.

(૬) આ ફી બીજી સૂચના ન મળે ત્યાં સુધી સદર ૦૦૪૧-૦૦-૮૦૦ (અન્ય પ્રાપ્તિ) ૦૦ કેરેજ બાય રોડ એકટ-૨૦૦૭ હેઠળ પ્રાપ્તિ (આવક) તરીકે જમા લેવી.

(૭) માસના અંતે આવી આવકનું મેળવણું જે તે જીલ્લાની તિજોરી કચેરી સાથે કરી લેવાનું રહશે. તથા નીચે પ્રમાણેનાં પત્રકમાં અત્રે માહિતી મોકલવાની રહેશે.

**કેરેજ બાય રોડ એકટ,૨૦૦૭ અન્વયે માસિક માહિતી પત્રક.**

| ક્રમ | અરજીનો પ્રકાર | આવેલ અરજીની સંખ્યા | અરજી સાથે ભરપાઇ થયેલ ડીપોઝીટ/ફીની રકમ | નિકાલ થયેલ અરજીની સંખ્યા | પડતર રહેલ અરજીની સંખ્યા | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |

* અરજીનો પ્રકાર એટલે કે, નોંધણી / રીન્યુ / ડુપ્લીકેટ / સુધારા વિગેરે.

* નોંધણીની અરજી સાથે વ્યાજ વગરની સીકયુરીટી ડીપોઝીટ જમા કરાવવાની થાય છે. આ ડીપોઝીટ રીફન્ડેબલ છે. તેથી તેને ફી થી અલગ દર્શાવવી.

(૮) કેરેજ બાય રોડ એકટ,૨૦૦૭ હેઠળ ઇસ્યુ કરવાના થતાં/ અરજદારોને આપવાના થતાં પ્રમાણપત્રો હાલ મનીવેલ્યુ તરીકે છપાવવામાં આવેલ નથી. તેથી અત્રેનાં સંદર્ભ-૧ ના પરિપત્રમાં દર્શાવ્યા પ્રમાણેનાં નમૂનામાં આ પ્રમાણપત્રો ઇસ્યુ કરવાના રહેશે. આ પ્રમાણપત્રોમાં કચેરીમાં નિભાવવામાં આવતા રજીસ્ટરનો નંબર નાંખવાનો રહેશે. સર્ટીફીકેટ નીચે પ્રમાણેના નમૂના મુજબ આપવાનું રહેશે.

**નમૂનો.**

## GJ-01 – CBRA-CC NO-1-2014

સમજ.

| GJ-01 | CBRA | CC NO | નંબર | વર્ષ |
|---|---|---|---|---|
| ગુજરાત રાજયનો કોડ નંબર | કેરેજ બાય રોડ એકટનુ નામ | કોમન કેરીયરનો નોંધણી નંબર | રજીસ્ટરનો સીરીયલ નંબર | જે વર્ષમા સર્ટીફીકેટ ઇસ્યુ થયેલ હોય તે વર્ષ |

ઉકત સૂચનાઓનો અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

નોંધ પર માન.કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

- ખાસ ફરજ પરના અધિકારી,
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજય,ગાંધીનગર.

નકલ રવાના :- પ્રતિ,
નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, ૨, સરદાર પટેલ ભવન, ૯ મો માળ, સચિવાલય, ગાંધીનગર- જાણ સારુ.

:પુરબિયા:૪૯:૩૦:

ખાસ અગત્યનું.
સ્મૃતિપત્ર-૨.

ક્રમાંક/એમવીપી/કેરીયર/નોંધણી/ ૬૪૧૩
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ડૉ.જીવરાજ મહેતા ભવન,બ્લોક નં.૬,
બીજે માળ, ગાંધીનગર.
તા. -૧-૨૦૧૩. 13 MAR 2013

પ્રતિ,
પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી,
અમદાવાદ, વડોદરા,રાજકોટ, સુરત, ભુજ.

વિષયઃ-ધી કેરેજ બાય રોડ એક્ટ,૨૦૦૭ અને ધી કેરેજ બાય રોડ રુલ્સ,૨૦૧૧ નો અમલ કરવા બાબત.

સંદર્ભઃ-(૧) અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંક-એમવીપી-કેરીયર-નોંધણી-૨૯૬૦, તા.૧૭-૫-૧૨.
(૨) અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંક-એમવીપી-કેરીયર-નોંધણી-૫૦૫૫, તા.૫-૯-૧૨.

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે આરટીઓ/એઆરટીઓમાંથી પૃચ્છા કરવામાં આવે છે જે અનુસંધાને જણાવવાનું કે, માલ વાહક વાહનો ધ્વારા માલનું પરિવહન કરવાના વ્યવસાયમાં જોડાયેલી માલનું બુકીંગ કરતી કંપનીઓ, કુરીયર, લોજીસ્ટીક, પેકર્સ, મુવર્સ વિગેરેની માલની હેરફેર માટેની જવાબદારી નકકી કરવા અગાઉનાં કેરીયર એક્ટ,૧૮૯૫ નાં કાયદાને રીપીલ કરી ધી કેરેજ બાય રોડ એક્ટ,૨૦૦૭ લાવવામાં આવેલ છે. જેનાં અમલ માટે કેન્દ્ર સરકારે કેરેજ બાય રોડ રુલ્સ,૨૦૧૧ અમલમાં લાવેલ છે.

આ કાયદાની કલમ-૩(૧) માં ઠરાવવામાં આવેલ વ્યાખ્યા મુજબના કોમન કેરીયરની નોંધણી માટેની અરજી આવ્યેથી નોંધણી કરવાની કામગીરી રીજીયોનલ ટ્રાન્સપોર્ટ ઓથોરીટી ધ્વારા (આરટીએ) કરવાની થાય છે.

વધુમાં જે ટ્રાન્સપોર્ટરો આ કાયદા હેઠળ નોંધણી ન કરાવેલ હોય તેઓ ફરજીયાત રીતે આ કાયદા હેઠળ નોંધણી કરાવે તે માટે ટ્રાન્સપોર્ટરોનાં નામ સરનામા સાથેની યાદી સામેલ રાખીને આગળની ઘટતી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

આ નિયમો કેન્દ્ર સરકારનાં હોઈ તે અંગેની કોઈ માર્ગદર્શીકા આપવામાં આવે તો તે અનુસંધાને કામગીરી કરવાની રહે છે. વધુમાં જણાવવાનું કે, આ કાયદા અન્વયેની તમામ માહિતી કેન્દ્ર સરકારની વેબ સાઈટ પર ઉપલબ્ધ હોઈ આ કાયદાની જાણકારી અને અમલની સમજ જાહેર જનતાને મળી રહે તે માટે જરુરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર માન.કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

સંયુકત વાહન વ્યવહાર નિયામક
ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

નકલ રવાના :- પ્રતિ,
નાયબ સચિવશ્રી,બંદરો અને વાહન વ્યવહાર વિભાગ,૨, સરદાર પટેલ ભવન, ૯ મો માળ, સચિવાલય, ગાંધીનગરને જાણ સારુ.

:પુરબિયા:૪૬:૧૫૭:

ખાસ અગત્યનું.
સ્મૃતિપત્ર.

ક્રમાંક/એમવીપી/કેરીયર/નોંધણી/ ૫૦૫૫
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ડો.જીવરાજ મહેતા ભવન,બ્લોક નં.૬
બીજે માળ, ગાંધીનગર.
તા. -૮-૨૦૧૨.

5 SEP 2012

પ્રતિ,
(૧) તમામ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી
(૨) તમામ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી
(૩) તમામ ચેકપોસ્ટ ઇન્ચાર્જશ્રીઓ

વિષયઃ- ધી કેરેજ બાય રોડ એકટ,૨૦૦૭ અને ધી કેરેજ બાય રોડ રુલ્સ,૨૦૧૧ નો અમલ કરવા બાબત.
સંદર્ભઃ-અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક/એમવીપી/કેરીયર/નોંધણી/૨૯૬૦, તા.૧૭-૫-૧૨.

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે આરટીઓ/એઆરટીઓમાંથી પૃચ્છા કરવામાં આવે છે જે અનુસંધાને જણાવવાનું કે, માલ વાહક વાહનો ધ્વારા માલનું પરિવહન કરવાના વ્યવસાયમાં જોડાયેલી માલનું બુકીંગ કરતી કંપનીઓ, કુરીયર, લોજીસ્ટીક, પેકર્સ, મુવર્સ વિગેરેની માલની હેરફેર માટેની જવાબદારી નકકી કરવા અગાઉનાં કેરીયર એકટ,૧૮૯૫ નાં કાયદાને રીપીલ કરી ધી કેરેજ બાય રોડ એકટ,૨૦૦૭ લાવવામાં આવેલ છે. જેનાં અમલ માટે કેન્દ્ર સરકારે કેરેજ બાય રોડ રુલ્સ,૨૦૧૧ અમલમાં લાવેલ છે.

આ કાયદાની કલમ-૩(૧) માં ઠરાવવામાં આવેલ વ્યાખ્યા મુજબના કોમન કેરીયરની નોંધણી માટેની અરજી આવ્યેથી નોંધણી કરવાની કામગીરી રીજીયોનલ ટ્રાન્સપોર્ટ ઓથોરીટી ધ્વારા (આરટીએ) કરવાની થાય છે.

આ નિયમો કેન્દ્ર સરકારનાં હોઇ તે અંગેની કોઇ માર્ગદર્શીકા આપવામાં આવે તો તે અનુસંધાને કામગીરી કરવાની રહે છે. વધુમાં જણાવવાનું કે, આ કાયદા અન્વયેની તમામ માહિતી કેન્દ્ર સરકારની વેબ સાઇટ પર ઉપલબ્ધ હોઇ આ કાયદાની જાણકારી અને અમલની સમજ જાહેર જનતાને મળી રહે તે માટે જરુરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર માન.કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

સંયુકત વાહન વ્યવહાર નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નકલ રવાના :-
પ્રતિ, નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, નવમો માળ, બ્લોક, નં.૨, સચિવાલય,ગાંધીનગરજાણ સારૂં.

:પુરબિયા:૪૫:૪૨૪:

ક્રમાંક/એમવીપી/કેરીયર/નોંધણી/ 

વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી

ડો.જીવરાજ મહેતા ભવન,બ્લોક નં.૬

બીજે માળ, ગાંધીનગર.

તા. -૭-૨૦૧૨. 17 MAY 2012

પ્રતિ,

(૧) તમામ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી

(૨) તમામ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી

(૩) તમામ ચેકપોસ્ટ ઈન્ચાર્જશ્રીઓ

વિષયઃ- ધી કેરેજ બાય રોડ એકટ,૨૦૦૭ અને ધી કેરેજ બાય રોડ રુલ્સ,૨૦૧૧ નો અમલ કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે આરટીઓ/એઆરટીઓમાંથી પૃચ્છા કરવામાં આવે છે જે અનુસંધાને જણાવવાનું કે, માલ વાહક વાહનો ધ્વારા માલનું પરિવહન કરવાના વ્યવસાયમાં જોડાયેલી માલનું બુકીંગ કરતી કંપનીઓ, કુરીયર, લોજીસ્ટીક, પેકર્સ, મુવર્સ વિગેરેની માલની હેરફેર માટેની જવાબદારી નકકી કરવા અગાઉનાં કેરીયર એકટ,૧૮૯૫ નાં કાયદાને રીપીલ કરી ધી કેરેજ બાય રોડ એકટ,૨૦૦૭ લાવવામાં આવેલ છે. જેનાં અમલ માટે કેન્દ્ર સરકારે કેરેજ બાય રોડ રુલ્સ,૨૦૧૧ અમલમાં લાવેલ છે.

આ કાયદાની કલમ-૩(૧) માં ઠરાવવામાં આવેલ વ્યાખ્યા મુજબના કોમન કેરીયરની નોંધણી માટેની અરજી આવ્યેથી નોંધણી કરવાની કામગીરી રીજીયોનલ ટ્રાન્સપોર્ટ ઓથોરીટી ધ્વારા (આરટીએ) કરવાની થાય છે.

આ નિયમો કેન્દ્ર સરકારનાં હોઇ તે અંગેની કોઇ માર્ગદર્શીકા આપવામાં આવે તો તે અનુસંધાને કામગીરી કરવાની રહે છે. વધુમાં જણાવવાનું કે, આ કાયદા અન્વયેની તમામ માહિતી કેન્દ્ર સરકારની વેબ સાઈટ પર ઉપલબ્ધ હોઈ મેળવી જરુરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર માન.કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

સંયુકત વાહન વ્યવહાર નિયામક

ગુજરાત રાજય, ગાંધીનગર.

<u>નકલ રવાના :-</u>

નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બીજે માળ, બ્લોક નં.-૨,સચિવાલય,ગાંધીનગરના પત્ર ક્રમાંક નં.એમવીડી-૧૦૧૧-જીઓઆઈ-૮૧-ખ, તા.૩૦-૮-૨૦૧૧, તા.૧૫-૧૦-૨૦૧૧, તા.૨૪-૧૧-૨૦૧૧ તથા અ.સ.પત્ર તા.૧૬-૨-૨૦૧૨ અન્વયે જાણ સારૂં.

:પુરબિયા:૪૫:૨૧૯:

> ધી કેરેજ બાય રોડ એકટ,૨૦૦૭ અને ધી કેરેજ બાય રોડ રુલ્સ,૨૦૧૧ ના અમલીકરણ માટે માર્ગદર્શન.

## -: પ રિ પ ત્ર :-

વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં.-૬, ૨/૩ માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજય,
પરિપત્ર ક્રમાંક : એમવીપી/૨૬૫૨૦૧૧/૭૧ / 6232
તારીખ. 25 AUG 2014

વંચાણે લીધા :-
(૧) ધી કેરેજ બાય રોડ એકટ,૨૦૦૭.
(૨) ધી કેરેજ બાય રોડ રુલ્સ,૨૦૧૧.
(૩) ભારત સરકારના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયનો પત્ર તા.૧૬-૩-૨૦૧૧.
(૪) ભારત સરકારના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયનો પત્ર તા.૨૩-૮-૨૦૧૧.
(૫) બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, ગુજરાત રાજયના પત્ર ક્રમાંક-એમવીડી-૧૦૧૧-જીઓઆઇ-૮૧-ખ, તા.૩૦-૮-૨૦૧૧.
(૬) અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંક-એમવીપી-કેરીયર-નોંધણી-૨૯૬૦, તા.૧૭-૫-૨૦૧૨.
(૭) અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંક-એમવીપી-કેરીયર-નોંધણી-૫૦૫૫, તા.૫-૯-૨૦૧૨
(૮) અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંક-એમવીપી-કેરીયર-નોંધણી-૧૪૮૩, તા.૧૩-૩-૨૦૧૩

- આમુખ.

(૧) આધુનિક સમયની જરુરીયાતને પહોંચી વળવા માર્ગો ધ્વારા થતા પરિવહન વ્યવસાય-વાણીજયની પધ્ધતિને વિનીયમીત કરવા ભારત સરકાર ધ્વારા ધી કેરેજ બાય રોડ એકટ,૨૦૦૭ તથા ધી કેરેજ બાય રોડ રુલ્સ,૨૦૧૧ તા.૨૮-૨-૨૦૧૧ થી અમલી બનાવવામાં આવેલ છે.

(૨) આ કાયદા અને નિયમોથી કોમન કેરીયર ના વ્યવસાય કરનારા અથવા વ્યવસાય કરવાની ઈચ્છા ધરાવનારા વ્યકિત માટે કોમન કેરીયરનો વ્યવસાય કરવા રાજય સરકારના રાજય પરિવહન સત્તા મંડળ અથવા સ્થાનીક પરિવહન સત્તામંડળ પાસેથી નોંધણી પ્રમાણપત્ર મેળવવાનું અને રીન્યુ કરાવવાનું ફરજીયાત બનાવવામાં આવેલ છે. આ કાયદા અને નિયમો મુજબ ધી કેરેજ બાય રોડ રુલ્સ,૨૦૧૧ નું જાહેરનામું પ્રસિધ્ધ થયા તા.૨૮-૨-૨૦૧૧ થી ૧૮૦ દિવસમાં એટલે કે તા.૩૧-૮-૨૦૧૧ સુધીમાંકોમન કેરીયરનો વ્યવસાય કરનારા અથવા વ્યવસાય કરવાની ઈચ્છા ધરાવનારે આવું નોંધણી પ્રમાણપત્ર મેળવી લેવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૩) આ કાયદા અને નિયમોનો અમલ શરુ થઈ ગયેલ છે. આ કાયદા અને નિયમો બાબતે જરુરી પ્રાથમીક માર્ગદર્શન માંગવા ટ્રાન્સપોર્ટ ધંધાર્થીઓ તેમજ તેઓના સંગઠનો ધ્વારા પુછાણ કરવામાં આવતું રહે છે. તદ્ઉપરાંત રાજયની કચેરીઓ ધ્વારા પણ આવું પુછાણ કરવામાં આવતું હોય છે. વંચાણે લીધા

(૪) અને (૫) થી આ કાયદા હેઠળ નોંધાયેલા કોમન કેરીયર ની માહિતી પણ માંગવામાં આવેલ છે. તથા વંચાણે લીધા-૬, ૭ અને ૮ થી રાજયની તમામ કચેરીઓને આ કાયદાનો અમલ કરવા સૂચના આપવામાં આવેલ. આમ આ તમામ સંજોગોમાં રાજયમાં ધી કેરેજ બાય રોડ એકટ,૨૦૦૭ તથા ધી કેરેજ બાય રોડ રુલ્સ,૨૦૧૧ ના સુચારૂ અમલના હેતુથી રાજયના ટ્રાન્સપોર્ટરો અને રાજયની વાહન વ્યવહાર કચેરીઓના પ્રાથમિક માર્ગદશન માટે આ પરિપત્ર કરવામાં આવે છે. સાથે સાથે સ્પષ્ટતા કરવામાં આવે છે કે, આ કાયદા હેઠળની કાર્યવાહીમાં કોઇ વિશેષ સ્પષ્ટતા જરુરી જણાય અથવા અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો અંગ્રેજી ભાષાના મુળ કાયદા અને નિયમો આખરી ગણાશે.

૧. <u>અગત્યની જોગવાઈઓ.</u>

૧.૧. ધી કેરેજ બાય રોડ એકટ,૨૦૦૭ અને તે હેઠળના નિયમની અગત્યની જોગવાઈ આ કાયદાની ક:૩(૧) માં ઠરાવવામાં આવી છે. આ જોગવાઈ મુજબ કોમન કેરીયર નો વ્યવસાય કરવા માંગતી દરેક વ્યકિતએ નોંધણી પ્રમાણપત્ર મેળવવું જરુરી બન્યુ છે.

૧.૨. <u>કોમન કેરીયર</u>.

આ કાયદાની કલમ-૨(એ) માં કોમન કેરીયરની વ્યાખ્યા આપવામાં આવી છે. તે મુજબ કોમન કેરીયર એટલે,

:એ: ગુડઝ રસીદ હેઠળ માલ એકઠો કરવા, સંગ્રહ કરવા, માલ વાહક વાહનો ધ્વારા માલ મોકલવા કે વહેંચણી કરવાનો વ્યવસાય કરતી વ્યકિત.

:બી: માર્ગનો ઉપયોગ કરી યાંત્રીક પરિવહન (માલવાહક વાહનો) ધ્વારા ભાડુ લઈ એક જગ્યાએથી બીજી જગ્યાએ માલનું પરિવહન કરતી વ્યકિત.

:સી: માલનું બુકીંગ કરતી કંપની, કોન્ટ્રાકટ, એજન્ટ, દલાલ.

:ડી: પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે દસ્તાવેજો, માલ અથવા ચીજવસ્તુઓનું પરિવહન કરતી અથવા પરિવહન કરવામાં મદદરુપ બનતી આવે તો, માલ અથવા ચીજવસ્તુઓનાં ડોર-ટુ-ડોર પરિવહન કરતી વ્યકિત.

નોંધ :- (i) આ વ્યાખ્યામાં સરકારનો સમાવેશ થતો નથી.

(ii) વ્યકિત માં કાનૂની વ્યકિતઓ જેવી કે કંપની, ભાગીદારી પેઢી વિગેરેનો પણ સમાવેશ થઇ જાય છે.

"રોડ ટ્રાન્સપોર્ટ બુકીંગ કંપની કોમન કરીયરનો વ્યવસાય કરતાં કોન્ટ્રાકટર અને એજન્ટ અથવા દલાલ તેમજ વ્યકિતઓનું સંગઠન અથવા એસોસીએશન."

(iii) માલમાં કન્ટેઈનર, માલને એકત્રીત રીતે રાખવા ઉપયોગમાં લેવાતા પેલેટસ અથવા તેના જેવી બીજી વસ્તુઓનો તેમજ પ્રાણીઓ અથવા જીવતા પ્રાણીઓનો સમાવેશ થાય છે.

(iv) આ કાયદાની કલમ-૯ માં ગુડઝ રસીદની વ્યાખ્યા આપવામાં આવી છે.

૧.૩. કાયદો અમલી બન્યા પહેલાંથી કોમન કેરીયર નો વ્યવસાય કરતાં વ્યકિત માટે રજીસ્ટ્રેશનની જોગવાઇ.

જે વ્યકિત આ કાયદાનો અમલ શરુ થયો તે પહેલાથી કોમન કેરીયરનો વ્યવસાય કરતી હોય તેવી વ્યકિતએ કાયદાનો અમલ શરુ થયાની તારીખથી એટલે કે, તા.૧-૩-૨૦૧૧ થી ૯૦ દિવસ સુધીમાં નોંધણી કરવા માટે રજીસ્ટ્રીંગ ઓથોરીટીને અરજી કરવાની રહેશે. જો આવી વ્યકિતએ નોંધણી માટે અરજી કરી ન હોય અને રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર રજીસ્ટ્રીંગ ઓથોરીટીએ આપ્યુ ન હોય તો આવી વ્યકિત આ કાયદાનો અમલ થયા તા.૧-૩-૨૦૧૧ થી ૧૮૦ દિવસ બાદ કોમન કેરીયરનો વ્યવસાય કરી શકશે નહીં.

૧.૪. ગુડઝ ફોરવડીંગ નોટ.

:એ: આ કાયદાની કલમ-૮ માં ગુડઝ ફોરવર્ડીંગ નોટ ની જોગવાઇ આપવામાં આવી છે. તે મુજબ માલની કીંમત અને ભયજનક કે જોખમકારક માલ વિશેના ઇકરાર સાથેની ધી કેરેજ બાય રોડ રુલ્સ,૨૦૧૧ ના નિયમ-૧૦ થી નિયત કરવામાં આવેલ, નમુનામાં દરેક કન્સાઇનર માલના બુકીંગ વખતે ગુડઝ ફોરવર્ડીંગ નોટ બે નકલમાં તૈયાર કરી કોમન કેરીયરને આપવાની રહે છે જયારે તેની એકનોલેજમેન્ટ નકલ કોમન કેરીયરે કન્સાઇનરને આપવાની રહે છે.

:બી: આ નોટમાં દર્શાવેલી વિગતોના ખરાપણા માટે કન્સાઇનર જવાબદાર બનશે.

:સી: આ નોટમાં દર્શાવેલી વિગતોના અધુરી હોવાને કારણે અથવા ખરી નહીં હોવાને કારણે કોમન કેરીયરને કોઇ નુકશાન જાય તો તે ભરપાઇ કરી આપવા કન્સાઇનર જવાબદાર રહેશે.

:ડી: ગુડઝ ફોરવડીંગ નોટનો નમૂનો ધી કેરેજ રોડ રુલ્સ,૨૦૧૧ ના નિયમ-૧૦(૧) હેઠળ ફોર્મ નં.૭ થી નિયત કરવમાં આવેલ છે. જે પરિશિષ્ઠ-૧ થી સામેલ રાખેલ છે. ડેન્જરસ અને હેઝાડર્સ પ્રકારના માલના કીસ્સામાં આ ફોર્મનો ડાબી બાજુનો ઉપરનાં ખુણાના ભાગમાં લાલ રંગમાં ડેન્જરસ અને હેઝાડર્સ ગુડઝ છાપવાનું રહેશે.

૧.૬. ગુડઝ રીસીપ્ટ.

:એ: ગુડઝ રીસીપ્ટ (માલની રસીદ) આ કાયદા તૈયાર કરવાના થતાં અગત્યના દસ્તાવેજો પૈકીનો એક દસ્તાવેજ છે. માલની હેરફેર કરવા માટે માલનું બુકીંગ કરતી વખતે કન્સાઇનર પાસેથી મળેલી ગુડઝ

૨.૨. <u>નોંધણી અધિકારી.</u>

આ કાયદા મુજબ નોંધણી અધિકારી એટલે અરજદાર જયાં રહેતો હોય અથવા તેના વ્યવસાયનું મુખ્ય સ્થળ આવેલું હોય તે વિસ્તારમાં હકુમત ધરાતું મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની કઃ ૬૮ હેઠળનું સ્થાનિક પરિવહન સત્તામંડળ (આરટીએ) અથવા (એસટીએ) કોમન કેરીયરના નોંધણી અધિકારી છે.

૨.૩. <u>નોંધણીની અરજીનો નમૂનો.</u>

કોમન કેરીયર તરીકે નોંધણી કરાવવા માટે નોંધણી અધિકારી સમક્ષ કરવાની અરજીનો નમૂનો ધી કેરેજ બાય રોડ રુલ્સ, ૨૦૧૧ ના નિયમ-૩ થી નકકી કરવામાં આવેલ છે. આ નમૂનો ફોર્મ-૧ તરીકે ઓળખાય છે. ફોર્મ-૧ આ સાથે <u>પરિશિષ્ટ-૩</u> થી સામેલ છે.

૨.૪. <u>નોંધણીની અરજીમાં દર્શાવવાની વિગતો.</u>

કોમન કેરીયર નોંધણીની અરજીમાં નીચે મુજબની વિગતો દર્શાવવાની રહે છે.

:૧: અરજદાર સંસ્થાનું નામ.

:૨: અરજદાર સંસ્થાનો પ્રકાર

(સ્વમાલીકી/ભાગીદારી/પ્રા.લી.કંપની/લીમીટેડકંપની/ અન્ય )

:૩: વ્યવસાય શરુ કર્યાનું વર્ષ.

:૪: પાન નંબર

:૫: જુની નોંધણીની વિગત.

:એઃ નોંધણી નંબર

:બીઃ નોંધણી નંબર મેળવ્યા તારીખ.

:સીઃ વેલીડીટી

:ડીઃ ઇસ્યુ કરનાર નોંધણી સત્તા

:ઈઃ અરજદારનું કે અરજદારના અધિકૃત વ્યકિત

જેમાં માલીક/ભાગીદારી ડીરેકટર વિગેરે તરીકે સંકળાયેલા હોય તેવી સંસ્થાનું નોંધણી પ્રમાણપત્ર રદ્ કરવામાં આવેલ હોય તો તેનો દસ્તાવેજી આધાર (એકથી વધુ વાર નોંધણી પ્રમાણપત્ર રદ્ કરવામાં આવેલ હોય તો તેવા દરેક પ્રસંગનો આધાર )

:૬: <u>મુખ્ય ઓફીસની વિગતો.</u>

:એઃ સરનામુ

:બી: ટેલીફોન નંબર

:સી: ઈ-મેઈલ

:ડી: ઓફીસની માલીકીના દસ્તાવેજ/વર્તમાન ભાડા ચીઠ્ઠી કે ભાડાપટ્ટાના દસ્તાવેજ (લીઝડીડ)

:ઈ: મુખ્ય ઓફીસ કયા રાજયમાં આવેલી છે ?

:૭: <u>અધિકૃત વ્યકિતની વિગત.</u>

:એ: નામ

:બી: હોદ્દો

:સી: રહેઠાણનું સરનામુ

:ડી: ટેલીફોન નંબર

:ઈ: ઈ-મેઈલ

:એફ: ઓળખના પુરાવાનો પ્રકાર અને નંબર

:જી: (પાસપોર્ટ /વોટર આઈડી/રેશનકાર્ડ પૈકીનું કોઈપણ ઓળખકાર્ડનો પુરાવો)

:એચ: ભાગીદારો/ડીરેકટરો/માલીક ધ્વારા સહી કરેલ લાગુ પડતુ હોય તેવા ઠરાવ (રેઝોલ્યુશન) અથવા અધિકૃતતા પત્ર અસલ (આ દસ્તાવેજ કાયદાકીય રીતે યોગ્ય હોવા જોઈએ)

:૮: <u>કેટલી બ્રાંચ ઓફીસો માટે નોંધણીની અરજી કરવામાં આવી છે તેની વિગત.</u>

(સાથે ઓફીસોના માલીકી દસ્તાવેજ / ભાડાચીઠ્ઠી/લીઝડીડ ની પ્રમાણીત નકલ જોડવી.)

:૯: <u>ઓફીસો અને ગોડાઉનની નકલ.</u>

:સી: સરનામુ

:ડી: ટેલીફોન નંબર

:ઈ: ઈ-મેઈલ

(માલીકી દસ્તાવેજ / ભાડાચીઠ્ઠી/લીઝડીડ ની પ્રમાણીત નકલ જોડવી.)

:૧૦: <u>નોંધણીની લાયકાત.</u>

(લાગુ પડતુ હોય ત્યાં ટીક કરવાનું છેઅને સેલ્ફ એટેસ્ટેડ નકલ જોડવાની છે)

:એ: <u>કામકાજની લાયકાત</u> : (નીચેના માંથીકોઈપણ એક)

:૧: બે કોમર્શીયલ વાહનો સંસ્થા/ માલીક/ભાગીદાર/ડીરેકટરના નામે હોવા જોઈએ.

:૨: કોઈપણ પ્રતિષ્ઠીત વ્યવસાયીક સંસ્થા/રજીસ્ટર્ડ કંપનીનો કોન્ટ્રાકટલેટર/વર્કઓર્ડર.

:બી: <u>નાણાંકીય લાયકાત</u>.

અરજદારે તમની કંપની અથવા તેમના માલીક/ભાગીદાર/ડીરેકટરની રુપિયા પાંચ લાખની નેટવર્થ નીચે પૈકીના કોઈપણ દસ્તાવેજ રજુ કરીને સાબીત કરવાની રહેશે. પરંતુ જો અરજદાર હાઇ રીસ્ક દરથી કન્સાઈમેન્ટનું પરિવહન કરવા માંગતા હોય તો ઓછામાંની નેટવર્થ આ રીતે જ સાબીત કરવાની રહેશે. (અસલ દસ્તાવેજ રજુ કરવા)

૧) ઓડીટેડ બેલેન્સ શીટ (અસલ)

૨) સી.એ.પ્રમાણપત્ર (અસલ)

૩) વ્યકિતગત બેલેન્સ શીટ/આઈટી રીટર્ન (અસલ પ્રમાણીત નકલ)

૪) બેન્કર્સ સર્ટીફીકેટ (અસલ)

:૧૧: અરજદાર માત્ર કલમ-૧૦ હેઠળની સર્વીસ (કોમન કેરીયર સર્વીસ) નો ઉલ્લેખ કરવાં આપવા માંગે છે કે સાથે કલમ-૧૧ હેઠળની હાઇ રીસ્ક કોમન કેરીયર સર્વીસ આપવા માંગે છે. તેનો ઉલ્લેખ કરવો.

:૧૨: <u>ફી</u>.

અરજી સાથે નિયમોમાં ઠરાવ્યા મુજબની ફી ભરપાઈ કરવાની રહેશે. જેની સમજ મુખ્ય મુદ્દા નં.૭ માં આગળ દર્શાવવમાં આવેલ છે.

:૧૩: અરજીમાં દર્શાવેલી વિગતો સત્ય અને ખરી હોવાનો ઈકરાર કરવાનો રહેશે અને અધિકૃત વ્યકિતની સહી, હોદ્દો સહી કર્યાની તારીખ તથા સ્થળ દર્શાવવાના રહેશે. તથા સીકકો લગાવવાનો રહેશે.

:૧૪: જે દસ્તાવેજો જોડવામાં આવેલ છે તેનું લીસ્ટ બનાવવાનું રહેશે અને તેની ટુંકી યાદી બીડાણ નંબર સાથે લખવાની રહેશે.

:૧૫: આ અરજી સાથેના ભાગ-૨ના ફોર્મમાં બ્રાંચ ઓફીસો જે રાજયમાં હોય તેનું નામ, ફુલ એડ્રેસ, ટેલીફોન નંબર ઈમેઈલ દર્શાવવાનું રહેશે તેમજ આ ઓફીસનો ઉપયોગ બ્રાંચ ઓફીસ /હબ ઓફીસ કે ગોડાઉન તરીકે છે તે દર્શાવવાનું રહેશે. સાથે સાથે આ ઓફીસથી કામ કયારે શરુ કર્યુ તે પણ દર્શાવવાનું રહેશે. આ વિગતો દર્શાવી અધિકૃત વ્યકિતના સહી સીકકા કરી તારીખ દર્શાવવાની રહેશે.

નોંધ :- (૧) આ અરજી ત્રણ નકલમાં રજુ કરવાની છે.

૩. <u>નોંધણી પ્રમાણપત્ર ઈસ્યુ કરવાની શરતો.</u>

કોમન કેરીયર તરીકે નોંધણી પ્રમાણપત્ર મેળવવાની અરજી કરનાર વ્યકિતએ નિયમ-૪ માં ઠરાવેલી નીચે મુજબની શરતો પરિપૂર્ણ કરવાની રહેશે.

:એ: અરજદારે તેમના અથવા તેના ભાગીદારના અથવા ડીરેકટરના નામ પર હોય તેવા બે કોમર્શીયલ વાહનોના રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ રજુ કરવાના રહેશે અથવા રજીસ્ટર્ડ કંપનીએ આપેલા કોન્ટ્રેકટ લેટર અથવા વર્ક ઓર્ડર રજુ કરવાના રહેશે.

:બી: ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પ્રમાણપત્ર અથવા ઓડીટેડ બેલેન્સ શીટ અથવા ઈન્કમટેક્ષ રીટર્ન અથવા બેન્કર સર્ટીફીકેટના પુરાવા સાથે અરજદારે તેના માલીક અથવા ભાગીદાર અથવા ડીરેકટરની ઓછામાં ઓછી નેટવર્થ રૂ.૫/- લાખ દર્શાવવાની રહેશે. પરંતુ હાઈ રીસ્ક સર્વીસનો વ્યવસાય કરવા આ નેટવર્થ ઓછામાં ઓછી રૂ.૨૦/- લાખની દર્શાવવાની રહેશે.

:સી: માલીકી અથવા ભાગીદારી પેઢીના કીસ્સામાં માલીક અથવા ભાગીદાર અગાઉ બ્લેક લીસ્ટ અથવા ડી રજીસ્ટર થયેલા ન હોવા જોઈએ.

૪. <u>નોંધણી પ્રમાણપત્ર આપવાની કચેરીની કાર્યરીતી.</u>

:એ: નોંધણી સત્તાને નિયત ફી સાથેની અરજી મળ્યા બાદ સંબંધીત શાખાએ અરજીની વિગતો અને પુરાવાની ચકાસણી કરવાની રહેશે.

:બી: પુરાવાની ચકાસણીની સાથે નિયમ-૪ માં ઠરાવેલી શરતો પરિપુર્ણ થાય છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે.

:સી: આ ચકાસણી કર્યા બાદ શાખાના અવલોકન સાથે અરજી સ્થાનિક પરિવહન સત્તામંડળના સચિવને રજુ કરવાની રહેશે. જેમાં આ અરજી મંજુર કરવા યોગ્ય છે કે કેમ ? જો આ અરજી મંજુર કરવા યોગ્ય ન હોય તો કયા કારણોસર ના મંજુર કરવાપાત્ર છે તે સ્પષ્ટપણે દર્શાવવાના રહેશે. ચકાસણી બાદ કોઈ વિગત ખુટતી જણાય તો તે પરિપૂર્ણ કરવા અરજદારને જણાવવાની બાબતનો ઉલ્લેખ કરવાનો રહશે.

:ડી: જો અરજદારે નિયમ-૪ નીકોઇ શરતો પરિપૂર્ણ કરેલ ન હોય અથવા યોગ્ય ફી ભરેલ ન હોય તો અરજદારને આ જોગવાઈઓ પરિપૂર્ણ કરવા જણાવવાની ભલામણ શાખાએ કરવાની રહેશે.

:ઈ: શાખા તરફથી ચેકલીસ્ટ તથા ઉપરોકત જણાવેલ ભલામણ સાથેની અરજી રજુ થયા બાદ આરટીએના સચિવશ્રીએ અરજી, દસ્તાવેજો, શાખાની ભલામણ અને નિયમો ચકાસી નોંધણી કરવાનો/ ન કરવાનો/ જરુરીયાત પરિપૂર્ણ કરવાનું કે યોગ્ય જણાય તે સૂચવી અરજી આરટીએના અધ્યક્ષશ્રીને રજુ કરવાની રહેશે, વિકલ્પે સચિવ કક્ષાએ જરુરી આદેશ આપી તેની બહાલી અધક્ષશ્રી પાસેથી મેળવવાની પધ્ધતિ પણ અપનાવી શકાય. પરંતુ એવી પધ્ધતિ અપનાવતા પહેલાં આવી પધ્ધતિ અપનાવી કામગીરી કરવાનો ઠરાવ કરવો હિતાવહ છે.

:એફ: નોંધણી સત્તાએ અરજદારની અરજી મળ્યેથી દિન-૩૦ માં નમૂના-ર માં નોંધણી પ્રમાણપત્ર આપવાનું રહેશે. જયારે અરજદારની અરજીની વિગતો અધુરી હોય અથવા નિયમ-૪ ની શરતો પરિપુર્ણ કરવા અરજદારને જણાવાયુ હોય અથવા અરજદારને ફી ભરવા જણાવાયુ હોય તે સંજોગોમાં આવી સઘળી પુર્તતા જેતારીખે થાય તે તારીખે અરજી મળી છે તેમ ગણાશે.

:જી: નોંધણી પ્રમાણપત્ર નિયત નમૂના-ર મુજબ આપવાનું રહેશે. આ નમૂનો પરિશિષ્ટ-૪ થી સામેલ છે. આ પ્રમાણપત્રમાં નોંધણી અરજીના ભાગ-ર માં દર્શાવેલ બ્રાન્ચ ઓફીસની વિગતોના પુરાવા ચકાસી તેનો એટેસ્ટેડ કરવાની રહેશે અને આ વિગતો નોંધણી પ્રમાણપત્રમા પણ દર્શાવવાની રહેશે.

:એચ: નોંધણી માટેની અરજીનો ઈન્કાર કરવાના કીસ્સામાં અરજી મળ્યા તારીખથી ૬૦ દિવસની અંદર અરજદારને સાંભળવાની તક આપવી તથા સ્પીકીંગ ઓર્ડર કરવો જરુરી છે. પરંતુ આ ૬૦ દિવસમાં અરજીનો ઈન્કાર કરવામાં નહીં આવે તો ૬૦ દિવસ પુરા થયા બાદના ૩૦ દિવસમાં રજી.પ્રમાણપત્ર મંજુર કરવાનું રહેશે.

૫. <u>નોંધણી પ્રમાણપત્રમાં સુધારા/વધારા.</u>

૫.૧. :એ: કોમન કેરીયરની કચેરીનું સરનામું બદલે અથવા પેઢીની પરિસ્થિતિમાં બદલાવ થાય અથવા બ્રાંચ ઓફીસમાં ફેરફાર થાય/ બંધ થાય અથવા ઉમેરો થાય તેવી તમામ બાબતો કે જેમાં ફેરફાર થવાની નોંધણી પ્રમાણપત્રની વિગતોમાં ફેરફાર થાય તો આવા ફેરફારની નોંધ નોંધણી પ્રમાણપત્રમાં કરવાની રહે છે.

:બી: નોંધણી પ્રમાણપત્રમાં સુધારા/વધારા કરવાની અરજી મુખ્ય અરજી કરી જયાંથી પ્રમાણપત્ર મેળવવામાં આવેલ હોય તે નોંધણી સત્તા સમક્ષ કરવાની રહેશે.

:સી: નોંધણી પ્રમાણપત્રમાં સુધારા/વધારા કરવાની અરજી નમુના નં.૩ માં કરવાની રહે છે. જે <u>પરિશિષ્ટ-૫</u> થી સામેલ છે. આ અરજી તેમાં દર્શાવેલ વિગતોના પુરાવા સાથે અને રૂા.૨૫૦/- ની ફી સાથે રજુ કરવાની રહેશે. આ ફી ડીમાન્ડ ડ્રાફટ અથવા ઈન્ડીયન પોસ્ટલ ઓર્ડરથી ભરપાઇ કરવાની રહેશે.

૫.૨. <u>નોંધણી સત્તાએ કરવાની કાર્યવાહી.</u>

:એ: નોંધણી પ્રમાણપત્રમાં સુધારો/વધારો કરવાની અરજી નિયત ફી સાથે મળ્યેથી સંબંધીત શાખાએ અરજીની વિગતો તથા પુરાવાની ચકાસણી કરી, યોગ્ય ફી ભરેલ છે કે કેમ તેની ચકાસણી કરી જરુરી અવલોકન/ભલામણ સાથે અરજી સ્થાનીક પરિવહન સત્તા મંડળના સચિવશ્રીને રજુ કરવાની રહેશે. સચિવશ્રીએ આ અરજી પોતાની જરુરી નોંધ સાથે સત્તામંડળના અધક્ષશ્રીને રજુ કરવાની રહેશે.

:બી: અરજી મળ્યાના દિન-૩૦ માં નિયત નમૂના-૪ માં એમેન્ડેડ નોંધણી પ્રમાણ પત્ર આપવાનું રહેશે. જો આ સમયગાળામાં આવું પ્રમાણપત્ર આપવામાં નહી આવે તો નોંધણી પ્રમાણપત્ર આપવાનું નકારવામાં આવેલ હોવાનું અનુમાન થઈ શકશે. નમૂના-૪ <u>પરિશિષ્ટ-૬</u> થી સામેલ છે.

૬. <u>નોંધણી પત્રનું રીન્યુઅલ.</u>

નોંધણી પ્રમાણપત્ર તે ઈસ્યુ થવાની તારીખથી ૧૦ વર્ષ સુધી વેલીડ ગણાશે. બ્રાંચ ઓફીસો માટેની વેલીડીટી મેઈન ઓફીસની વેલીડીટીની મર્યાદામાં રહેશે. વેલીડીટીનો સમયગાળો પૂર્ણ થતો હોય તેના બરાબર ૩૦ દિવસ પહેલાં એડવાન્સમાં રીન્યુઅલની અરજી જરુરી ફી સાથે કરવાની રહેશે. આ રીન્યુઅલની પ્રક્રીયા નોંધણી પ્રમાણપત્ર આપવાની પ્રક્રીયાની જેવીજ છે.

૭. <u>ફી ની જોગવાઇ, ભરપાઇ કરવાની રીત અને સ્વીકારવાની રીત.</u>

:એ: આ કાયદા હેઠળની અલગ અલગ કાર્યવાહીઓ માટે નિયમમાં અલગ અલગ ફી કરાવવામાં આવી છે. જે નીચે પ્રમાણે છે.

| ક્રમ | હેતુ | રકમ |
|---|---|---|
| ૧ | નોંધણી પ્રમાણપત્ર સાથે રજુ કરવાની વ્યાજ વગરની સીકયુરીટી ડીપોઝીટ | રૂ.૫૦૦૦/- |
| ૨ | નોંધણી પ્રમાણપત્રની અરજી સાથેની ફી | રૂ.૧૦૦૦/- ઉપરાંત રૂ.૨૫૦/-(પ્રોસેસીંગ ફી) |
| ૩ | નોંધણી પ્રમાણપત્ર રીન્યુ કરવાની ફી | રૂ.૧૦૦૦/- રૂ.૨૫૦/-(પ્રોસેસીંગ ફી) |
| ૪ | નોંધણી પ્રમાણપત્રમાં સુધારા/વધારાની ફી /ડુપ્લીકેટ ઇસ્યુ કરવાની ફી | રૂ.૨૫૦/-(પ્રોસેસીંગ ફી) |
| ૫ | અપીલ સાથે રજુ કરવાની ફી | રૂ.૫૦૦/- |

:બી: આ ફી ડીમાન્ડ ડ્રાફ્ટ, રોકડે અથવા ઇ.પેમેન્ટ મારફતે કરવાની રહેશે. આ બાબતની સૂચના અલાયદી રીતે આપવામાં આવશે.

:સી: આ ફી ભરપાઇ કરવા બીજી /વિકલ્પીક વ્યવસ્થા ન થાય ત્યાં સુધી મેન્યુઅલી રીતે સ્વીકારવાની રહેશે. જેની રસીદ કોમ્પ્યુટરાઇઝ રીતે આપી શકાશે. આ ફી વસુલતી વખતે નીચે પ્રમાણે રસીદમાં નોંધ કરવાની રહેશે. આ ફી બીજી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી આઇએમવી ફીના હેડ નં. (૦૧૧) માં જમા લેવું.

૮. કોમન કેરીયર તરીકેની નોંધણીનું પ્રમાણપત્ર ધરાવનારની ફરજો.

૮.૧. <u>વ્યવહારની વિગતોના રજીસ્ટરની નિભાવણી.</u>

:એ: કોમન કેરીયરની મેઇન ઓફીસ અને બ્રાન્ચ ઓફીસના વ્યવહારોની વિગતો નિયત નમૂના-૫ ના રજીસ્ટરમાં નિભાવવાની રહેશે અને આ વિગતો ઓછામાં ઓછુ ત્રીમાસીક રીતે અદ્યતન કરવાની રહેશે. આ રજીસ્ટર ઇલેકટ્રોનીક સ્વરૂપમાં પણ રાખી શકાશે.

:બી: આ રજીસ્ટરમાં થયેલી એન્ટ્રીઓની વિગતો નિયત નમૂના-૬ માં (જયાં કોમન કેરીયરની મુખ્ય ઓફીસ આવેલી હોય ત્યાં નોંધણી સત્તાને) તેમજ ભારત સરકારના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઇવેની ટ્રાન્સપોર્ટ રીસર્ચ વીંગને દરેક વર્ષની ૩૧ મી માર્ચ પછીના ૧૨૦ દિવસમાં રજુ કરવાની રહેશે.

:સી: કોમન કેરીયર ધ્વારા રજુ કરવામાં આવેલી માહિતીમાં અનિયમીતતા જણાશે તો નોંધણી સત્તા ધ્વારા અથવા રાજયના ટ્રાન્સપોર્ટ ડીપાર્ટમેન્ટ ધ્વારા અધિકૃત કરેલા ભારત સરકારના અંડર સેક્રેટરીથી નીચી ન હોય તેવા દરજ્જાના અધિકારી કોમન કેરીયરની મુખ્ય ઓફીસે પારસ્પરીક રીતે નક્કી કરેલા અનુકુળ સમય અને તારીખે મુલાકાત લેશે અને માહિતીની ચકાસણી કરશે.

૮.૨. <u>નોંધણી પ્રમાણપત્ર પ્રદર્શીત કરવું.</u>

કોમન કેરીયરે તેમની મેઈન ઓફીસ અને દરેક બ્રાંચ ઓફીસના મુખ્ય સ્થળે જયાં આવન જાવન કરનાર ગ્રાહકો (વ્યકિતઓ) વાંચી શકે તેવા સ્થળે નોંધણી પ્રમાણપત્ર અસલમાં અથવા કેન્દ્ર સરકાર કે રાજય સરકારના નોટરી કે રાજય પત્રિત અધિકારી ધ્વારા પ્રમાણીત કરેલ નકલ પ્રદર્શીત કરવાની રહેશે.

૮.૩. <u>ઓવરલોડ માલ નહીં ભરવા બાબત.</u>

કોમન કેરીયર તેમના માલ વાહક વાહનનાં ગ્રોસ વ્હીકલ વેઈટથી વધુ વજનનો માલ ભરી શકશે નહીં.

૯. <u>મેઈન ઓફીસનું સ્થળ ખસેડવાની પરવાનગી.</u>

:એ: જયાર કોમન કેરીયર પોતાની મેઈન ઓફીસના સ્થળમાં ફેરફાર કરવા ઈચ્છતા હોય ત્યારે તેને નોંધણી સત્તાને અરજી કરવાની રહેશે.

:બી: આવી અરજી નોંધણી મળ્યે નોંધણી સત્તાએ દિન-૩૦ માં મંજુર કે ના મંજુર કરવાની રહેશે.

:સી: જયારે નોંધણી સત્તા આવી અરજી ના મંજુર કરવા ઈચ્છતી હોય ત્યારે અરજદારને સાંભળવાની તક આપવી જરુરી છે તેમજ ઈન્કારના કારણો આપવા જરુરી છે.

:ડી: નોંધણી સત્તા ધ્વારા અરજી મળ્યે ૩૦ દિવસમાં અરજી મંજુર કે ના મંજુર નહીં કરવામાં આવે તો આવી મંજુરી મળી ગઈ હોવાનું માની લેવામાં આવશે.

૧૦. <u>સસ્પેન્શન અથવા કેન્સેલેશન.</u>

૧૦.૧. નીચેના સંજોગોમાં કોમન કેરીયરનું પ્રમાણપત્ર નોંધણી સત્તા સસ્પેન્ડ રદ્ કરી શકે છે.

:એ: કોમન કેરીયર તેની ફરજોનું પાલન કરવામાં (કલમઃ૭ઃ (૪))

:બી: નોંધણી સત્તાને કંસાઈનર ધ્વારા ફરીયાદ મળે કે

- કોમન કેરીયરે માલની રસીદ આપવાનો ઈનકાર કરેલ છે.
- કન્સાઈનર અથવા કન્સાઈનર ધ્વારા માહિતી માંગવા છતાં પરિવહન સમય દરમ્યાન માલની પરિસ્થિતિ વિષે કોમન કેરીયરે માહિતી આપી નથી.
- કોઈપણ યોગ્ય કારણો સિવાય માલની ડીલીવરી અટકાવી હોય.

- કન્સાઈનર અને કંસાઈનીને અગાઉથી જણાવવામાં ન આવેલા અને તેઓ ધ્વારા કબુલ રાખવામાં આવેલ ન હોય તેવા ગેરવ્યાજબી વધારાના ભાડાની માલની ડીલીવરી વખતે કોમન કેરીયર ધ્વારા માંગણી કરવામાં આવે.
- ટ્રકના માલીકને ઠરાવેલું ભાડુ આપવામાં ન આવે.

૧૦.૨. કાર્યપધ્ધતિ.

ઉકત કીસ્સામાં નોંધણી પ્રમાણપત્ર ૭ દિવસ માટે સસ્પેન્ડ રદ્ કે રીવોક થઈ શકશે. નોંધણી પ્રમાણપત્ર સસ્પેન્ડ રદ્ કરતાં પહેલાં કોમન કેરીયર ને તેમની ક્ષતિ સુધારવા માટે ૩૦ દિવસનો સમય આપવા રજીસ્ટર્ડ પોસ્ટથી અથવા ઈલેકટ્રોનીક માધ્યમથી નોટિસ આપવી ફરજીયાત છે. આ નોટિસનું પાલન કરવામાં કોમન કેરીયર નિષ્ફળ ગયેથી તેને સાંભળવાની તક આપી, પુરતી તપાસ કરી, નોંધણી સસ્પેન્ડ કે રદ્ કરવાનો હુકમ કરવા નોંધણી સત્તા સક્ષમ છે. આ હુકમમાં કારણો દર્શાવવાના રહેશે. અર્થાત સ્પીકીંગ ઓર્ડર કરવાનો રહેશે.

૧૦.૩. હકુમત.

કોમન કેરીયરની મુખ્ય કચેરી જેના હકુમત ક્ષેત્રમાં હોય તે નોંધણી સત્તા, નોંધણી મોકુફ અથવા રદ્ કરવા સક્ષમ છે. આ સિવાયની જે નોંધણી સત્તાએ ઉકત પ્રમાણેના કાયદાકીય જોગવાઈના ભંગના સંજોગો નોંધ્યા હોય તો તે સત્તાઓએ સક્ષમ નોંધણી સત્તાને અહેવાલ મોકલી આપવાનો રહેશે.

૧૦.૪. નોંધણી પ્રમાણપત્ર સરન્ડર કરવું.

:એ: નોંધણી પ્રમાણપત્રના રદ્દીકરણ વખતે.

નોંધણી પ્રમાણપત્ર રદ્ કરવાના કીસ્સામાં પ્રમાણપત્ર પરના ધારકે આવો હુકમ થયાના દિન-૩૦ માં નોંધણી સત્તાને આ પ્રમાણપત્ર સરન્ડર કરવાનું રહેશે. પરંતુ આ રદ્દીકરણ પહેલાથી જે માલનું પરિવહન કરવાનું સ્વીકારવામાં આવેલ હોય તે માલની ડીલીવરી અવશ્યપણે પૂર્ણ કરવાની રહેશે.

:બીઃ <u>સ્વેચ્છાએ.</u>

(૧) કોઈપણ સંજોગોમાં પ્રમાણપત્ર ધારક સ્વેચ્છાએ આ પ્રમાણપત્ર નોંધણી સત્તાને સરન્ડર કરી શકે છે. આ પ્રમાણપત્ર સરન્ડર કરતી વેળાએ અરજદારે સાદા કાગળમાં રજી કરી પ્રમાણપત્ર સરન્ડર કરવાના સંજોગો જણાવી પોતાની સામે કોઈપણ જવાબદારી/લેણું બાકી નથી અને જો આવી કોઈપણ જવાબદારી/લેણું બાકી જણાશે તો પોતે તે કરવા/ભરપાઈ કરવા જવાબદાર રહેશે. તેવાં ઈકરારનું નોટરાઈઝડ એફીડેવીટ રૂ.૨૦/- ના સ્ટેમ્પ પેપર પર રજુ કરવાનું રહેશે.

(૨) જયારે આવું સરન્ડર બ્રાંચ ઓફીસના કીસ્સામાં હોય ત્યારે નોંધણી સત્તાએ નોંધણી પ્રમાણપત્રમાંથી બ્રાંચ ઓફીસની વિગતો રદ્ કરવાની રહેશે. આ રદ્ કરેલી વિગતોની નોંધણી સત્તા એ નોંધ લઈ એન્ડોર્સમેન્ટ કરી આપવાનું રહેશે.

૧૧. <u>અપીલ.</u>

:એઃ કોઈપણ વ્યકિત નોંધણી સત્તાના નીચે પ્રમાણેના હુકમ સામે મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની કલમ ૮૯(૨) હેઠળ રચાયેલી સ્ટેટ ટ્રાન્સપોર્ટ ટ્રીબ્યુનલ સમક્ષ અપીલ કરી શકશે.

- નોંધણી પ્રમાણપત્ર આપવાનું કે રીન્યુ કરવાનું ઈન્કાર કરવાનો હુકમ.
- નોંધણી પ્રમાણપત્ર સસ્પેન્ડ કરવાનો અથવા રીવોક કરવાનો હુકમ.

:બીઃ આ અપીલ આવો હુકમ મળ્યાના ૬૦ દિવસમાં કરી શકાશે.

:સીઃ આ અપીલ નીચે મુજબ રજુ કરવાની રહેશે.

- નોંધણી સત્તાનાં હુકમ સામે ના વાંધા દર્શાવતું મેમોરેન્ડરમ ઓફ અપીલ (અપીલ મેમો) બે નકલમાં.
- જરુરી પુરાવા બે નકલમાં (પુરાવા લીસ્ટ સાથે જેમાં નોંધણી સત્તાનો હુકમ અસલમાં હોવો જોઈશે
- અપીલ ફી રૂ.૫૦૦/- નો ડી.ડી.અથવા રોકડેથી અથવા ઈ.પેમેન્ટ ધ્વારા.

૧૨. <u>દંડનીય કાર્યવાહી.</u>

૧૨.૧. <u>ઓવરલોડના કીસ્સામાં.</u>

નોંધણી સત્તા અથવા મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ હેઠળના કોઈપણ સત્તાધિકારીને પુરવો મળે કે કોમન કેરીયરે નોંધણી પ્રમાણપત્રમાં દર્શાવેલ માલવાહક વાહનમાં ઓવરલોડ માલ

ભરેલ છે.( કલમ:૪(૮) નો ભંગ) તો આવા સત્તાધિકારી કોમન કેરીયર પર મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની કલમ-૧૯૪ મુજબનો દંડ લાગુ પાડી શકશે. આવા કોમન કેરીયરને ઓવરલોડના આ કીસ્સા માટે અગાઉ દંડ થઈ ચુકયો હોય અને તે ભરપાઈ થઈ ચુકયો હોય તો પણ ફરીયાદ/ દંડ થઈ શકશે.

૧૨.૨. અન્ય દંડનીય કાર્યવાહી.

કોમન કેરીયર ધ્વારા નીચે પ્રમાણેની ધી કેરેજ બાય રોડ એકટ,૨૦૦૭ ની જોગવાઈઓનો ભંગ થાય તો પ્રથમ ગુન્હા માટે પાંચ હજાર રુપિયા સુધીનો અને બીજા અથવા પછીના ગુન્હા માટે દશ હજાર રુપિયા સુધીનો દંડ થઈ શકે છે.

:એ: નોંધણી વગર કોમન કેરીયર તરીકે વ્યવસાય કરે/ ચાલુ રાખે.

:બી: કાયદાનો અમલ શરુ કરવાનું જાહેર થયા બાદ ૯૦ દિવસમાં અરજી ન કરે.

:સી: નોંધણી વગર કાયદાનો અમલ શરુ થયા બાદ ૧૮૦ દિવસ બાદ કોમન કેરીયર તરીકેનો વ્યવસાય ચાલુ રાખે (સિવાય કે નોંધણી માટે અરજી કરી હોય અને નોંધણી સત્તાએ નોંધણી પ્રમાણપત્ર આપ્યુ હોય )

:ડી: આ કાયદાની કલમ-૧૩ હેઠળ ઠરાવેલા ભયજનક માલ અથવા હાની કારક માલના પરિવહનને લગતી જોગવાઈનો ભંગ કરે.

:ઈ: આ કાયદાની કલમ-૧૪ હેઠળ કેન્દ્ર સરકારે જાહેરનામાથી અમુક માલનું પરિવહન પ્રતિબંધીત કરાવ્યુ હોય ત્યારે તેવા માલનું પરિવહન કરે.

નોંધ.:-

૧. કંપનીના કીસ્સામાં કંપનીના વ્યવસાય માટે જવાબદાર અને અધિકૃત વ્યકિત જવાબદાર ગણાશે.

૨. આ ગુન્હાઓ પ્રોસીકયુશન પહેલા કે પછી રાજય સરકારે ઠરાવેલી રકમની ચુકવણી રાજય સરકારે ઠરાવેલા અધિકારી સમક્ષ થઈ શકે છે. ટુંકમાં માંડવાળ થઈ શકશે. આ માંડવાળ ફીનું જાહેરનામું રાજય સરકાર વખતો વખત બહાર પાડશે. (આ જાહેરનામુ પ્રસીધ્ધ થયે જાણ કરવામાં આવશે)

૧૩. અન્ય અગત્યની જોગવાઈઓ.

૧૩.૧. કોમન કેરીયર સામે કન્સાઈમેન્ટના નુકશાન કે ક્ષતિ માટે કોઈપણ દાવો કે અન્ય કાયદાકીય કાર્યવાહી કરતા પહેલાં કન્સાઈનર ધ્વારા તે કન્સાઈમેન્ટ બુકીંગ કરાવ્યાના ૧૮૦ દિવસમાં કન્સાઈનમેન્ટને ક્ષતિ કે નુકશાન થયાની વિગત સાથેની નોટિસ કોમન કેરીયરને આપવી કલમ-૧૬ પ્રમાણે ફરજીયાત છે.

૧૩.૨. આ કાયદાની કલમ-૧૦ માં કોમન કેરીયરની જવાબદારી માટેની જોગવાઈ છે. જયારે કલમ-૧૧ માં હાઈ રીસ્ક રેટથી કન્સાઈમેન્ટનું પરિવહન કરવા માટેની જોગવાઈ છે. કલમ-૧૨ માં કોમન

કેરીયરની જવાબદારી મર્યાદીત કરતી/ સ્પષ્ટ કરતી શરતો ઠરાવવામાં આવી છે. કલમ-૧૩ માં માનવ જીંદગી માટે ભયજનક અને હાનીકારક માલનું પરિવહન કરવા માટેની જોગગાઈઓ છે. કલમ-૧૪ થી કેન્દ્ર સરકારને કેટલાક માલ અથવા માલના વર્ગનું પરિવહન પ્રતિબંધિત કરવા જાહેરનામું કરવાની સત્તા આપવામાં આવી છે. કલમ-૧૫ થી કે કોમન કેરીયરની નોટીસ મળ્યા બાદ ૩૦ દિવસમાં માલની ડીલીવરી લેવામાં કન્સાઈની નીષ્ફળ જાય તો તે માલ અંગેના કોમન કેરીયરના હકકો વિશે જોગવાઈઓ કરવામાં  આવી છે. કલમ-૧૭ થી કોમન કેરીયરની સામાન્ય જવાબદારીઓ ઠરાવવામાં આવી છે.

૧૪. અન્ય અગત્યની સૂચના.

આ કાયદાની અમલવારી માટે આપના રીજીયનના ટ્રાન્સપોર્ટરો/ ટ્રાન્સપોર્ટ એસોસીએશન /કુરીયર એસોસીએશનોને જાણકારી આપવા મીટીંગો કરવી તથા દ્રષ્ટ /શ્રાવ્ય માધ્યમોથી પ્રચાર કરવવો.

નોંધ પર માન.કમિશ્નરશ્રીની સહી મુજબ.

સંયુકત વાહન વ્યવહાર નિયામક
ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ રવાના :-

(૧) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, બીજે માળ, બ્લોક નં.-૨,સચિવાલય,ગાંધીનગર - જાણ સારૂં.

(૨) તમામ પ્રાદેશિક તથા સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રીઓ - જાણ તથા અમલ સારૂં.

(૩) તમામ ચેકપોસ્ટ ઈન્ચાર્જશ્રીઓ - જાણ તથા અમલ સારૂં

(૪) તમામ ગુડઝ તેમજ ટ્રાન્સપોર્ટ એસોસીએશન- જાણ સારૂ.

Form 7
Goods Forwarding Note
[*See* rule 10 (1)]

| S. No. | Subject | Details |
|---|---|---|
| 1. | Goods Forwarding Note No. and Goods Receipt No. Date, if any. (GFN should be machine numbered) | |
| 2. | Details of Consignor & Consignee | |
| 3. | Particulars of the Goods | |
| 4. | Value of Goods | |
| 5. | Weight/Volume and No. of Packages/units | |
| 6. | Origin | |
| 7. | Destination | |
| 8. | Expected date of delivery under normal conditions | |
| 9. | Whether the cargo/ consignment to be booked under Section 10 or under Section 11 of the Act. | |
| 10. | Desirable period of delay, if any, beyond the likely date of delivery (requirement of section 10(2) if the cargo is to be booked under section 10 of the Act. | |
| 11. | Cargo to be booked as (a)dangerous & hazardous goods (D & H) category or as (b) Normal Goods | |
| 12. | Details of the insurance policy/cover (for dangerous/hazardous goods) | |

**I________________ have taken necessary precautions for carrying dangerous and hazardous goods.**

**Date:____________**

**Signature of the consignor:_______________**

*Note:*

*For dangerous & hazardous goods the form should have upper left hand corners printed in red as Dangerous and Hazardous goods.*

# Form 8
## Goods Receipt
[*See* rule 10 (4)]

| S. No. | Subject | Details |
|---|---|---|
| 1 | Goods Forwarding Note No. & Date | |
| 2 | Goods Receipt No. & Date (GR should be machine numbered) | |
| 3 | Details of Consignor Name and Address: Details of Consignee Name and Address: | |
| 4 | Particulars of the Goods & their value. | |
| 5 | Weight/Volume and No. of Packages/units | |
| 6 | Origin of Consignment | |
| 7 | Destination of Consignment | |
| 8 | Whether the cargo/ consignment has been booked under Section 10 or under Section 11 of the Act. | |
| 9 | Distance to destination. | |
| 10 | Likely date of delivery | |
| 11 | Mutually agreed period of delay beyond the likely date of delivery {requirement of section 10(2) | |
| 12 | Freight collected/paid /due (for calculating liability under Section 10(1). | |
| 13 | Additional payment collected /due over and above freight charges for higher risk undertaken by the common carrier as mutually agreed upon with the consignor if cargo booked under section 11. | |
| 14 | Details of the insurance Policy/cover (in case of dangerous/hazardous goods | |

**I ______________ have taken necessary precautions for carrying dangerous and hazardous goods.**

**Date:___________**

**Signature of the registered common carrier/his authorized agent:_____________**

*Note: For dangerous and hazardous goods the form should have upper left hand corners printed in Red as Dangerous and Hazardous goods.*

[F. No. RT-11023/1/2007-T]

S. K. DASH, Jt. Secy.

Printed by the Manager, Government of India Press, Ring Road, Mayapuri, New Delhi-110064
and Published by the Controller of Publications, Delhi-110054.

Form 1

(Part I)

APPLICATION FOR REGISTRATION / RENEWAL

[*See* rule 3 (1) ]

(To be filled in Triplicate) (Delete whichever is not applicable)

| | |
|---|---|
| 1. Name of the Organization | |
| 2. Type of the Organization<br>(a) Proprietorship (b) Partnership (c) Private Ltd Company (d) Ltd Company (e) Others, please *specify* | |
| 3. Year of Commencement of Operation | |
| 4. PAN No.<br>*(Please attach copy)* | |
| 5(a) Old Registration Details (if any)<br>(i) No.:<br>(ii) Date of Issue<br>(iii) Valid Up to<br>(iv) Issuing Authority<br>(b) Whether Certificate of Registration had ever been issued and revoked by the competent authority in the past wherein the organisation or the authorised person had been associated as proprietor/partner/director, etc? If yes, then furnish full particulars along with a copy of the relevant documents for all such occasions. | |
| 6. Details of the Main Office<br>(a) Address:<br>(b) Tel. Nos:<br>(c) E-mail:<br>(Copy of the Ownership Document (s)/ Copy of the Lease Deed/ Copy of the Rental Agreement to be produced) | |
| **7. State under whose Jurisdiction the Main office is located** | |
| **8. Details of the Authorized Person**<br>(a) Name:<br>(b) Designation:<br>(c) Residential Address:<br>(d) Tel. Nos:<br>(e) E-mail:<br>(f) Type of Photo Identity Proof & No.:<br>(Any One of the Photo Identity Proof) :<br>(a) Passport (b) Voter ID (c) Ration Card )<br>(g) *Authority letter -/ Resolution * signed by Partners / Directors / Proprietor*<br>*(* should stand legal scrutiny)* | |
| 9. No. of Branches Applied for:<br>(Please attach list in detail in Form No. 2)<br>(Copy of the Ownership Document(s)/ Copy of the Lease Deed/ Copy of the Rental Agreement to be produced) | |

766 4 0/11-6

| | |
|---|---|
| 9 A. Details of Offices of the Agents and Godowns<br>(a) Address:<br>(b) Tel. Nos:<br>(c) E-mail:<br>(Copy of the Ownership Document(s)/ Copy of the Lease Deed/ Copy of the Rental Agreement to be produced)<br><br>**10. Registration Criteria:** (Tick which ever is applicable)<br>(Please attach Self Attested Copies)<br><br>**(A) Work Criteria:** *(Any one of the following)*<br>(i) **R.C. of two commercial vehicles in the name of Organization / proprietor / partner / director**<br>(ii) **Contract letter / Work Order of any Regd. Company/Commercial organization of repute**<br><br>(B) Financial Criteria:<br><br>The Applicant shall establish Net-Worth of Rs. 5 lakhs of the applicant's Company or its *Proprietor* / Partner / Director by submitting any one of the following.<br><br>(1) Audited Balance Sheet<br>(2) C. A. Certificate<br>(3) Personal Balance Sheet / I.T. Return<br>(4) Bankers Certificate | **Details:** |
| 11. Whether Service is to be provided under (i) Section 10 of the Act only, or (ii) under both Sections 10 & 11 of the Act. If Service is to be provided under Section 11, the net worth of the applicant shall not be less than Rs.20 Lakhs. The applicant's Company or its Proprietor / Partner / Director should support net worth by any one of documents indicated in col.10, above. | |
| 12. Details of the Fees Paid:<br><br>(i) Security Deposit of Rs 5000/ for Registration of the Main Office & Branches<br>(ii) Registration Fees for Grant of Registration Certificate of Rs 1000/<br>(iii) Fee for Renewal of Regn.Certificate(After Expiry of 10 years) Rs 1000/.<br>(iv) Processing Fees Rs 250/ | **Details:** |

13. Declaration:
I/we, hereby, declare that the above particulars are true and correct as to the best of my/our knowledge.

Date: Signature of the Authorised Person(s)

14. List of Enclosed Documents:

15.

Place: **Signature of the Authorised Person(s)**
Date: **Name:**
**Designation:**

3510

365tc

## Part II

### Details of Branches

| Sl No | Location / State | Full Address & Contact Details (Tel. No. / Fax No/E-mail) | Usage Office / Godown / Hub Centre | Date of Commencement |
|---|---|---|---|---|
| | | | | |

Dated:

Signature of Authorised Person

4R/21/82-8 37/C

367/C



Form 2

# CERTIFICATE OF REGISTRATION

[*See* rule 5 (1))

| | | |
|---|---|---|
| 1 | Registration No.: | |
| 2 | Issue Date: | |
| 3 | Valid Up to: | |
| 4 | Issued To:<br>a) Name of the Organization:<br>b) Address & Contact Details of Main Office:<br><br>a) Name of the Person Authorized:<br>b) Contact Details of the Person Authorized: | |
| 5 | Total No. of Branches:<br>(List as per Form No. 2 attached) | |
| 6 | Particulars of the registering authority issuing the Certificate of Registration | |

Date:

Place:

Signature along with seal

Name:

Designation:

4R/21162-4 391C



3891C

Form 3

# APPLICATION FOR AMENDMENT IN REGISTRATION

[*See* rule 6 (1)]

(To be filled in Triplicate)

| | |
|---|---|
| 1. Name of the Organization | |
| 2. Existing Registration Details<br>(a) No.:<br>(b) Date of Issue<br>(c) Valid Up to<br>(d) Issuing Authority | |
| 3. Details of the Main Office<br>(a) Address:<br>(b) Tel. Nos.:<br>(c) E-mail: | |
| 4. **Amendment Required for:**<br>*(Tick whichever is Applicable)*<br>(a) Addition / Deletion / Change in Address of Branches: *(Attach New Annexure in Form 2)*<br>(b) Change in Address of the Main Office:<br>(c) Change of the Authorised Person / Particulars:<br>(d) Change in any other particulars, specify:<br>(To be intimated within 90 days of the Change) | |
| 5. Amendment Details: (Attach supporting documents) | |

766 GI/11—7

**5. Amendment Details Contd.:**

Note: If no intimation is received by the applicant within 30 days then this application duly received & acknowledged, will be deemed as an acceptance of the above Changes.

| *6. Details of the Fees Paid:* | Details: |
|---|---|

7. Declaration:

I/we, hereby, declare that the above particulars are true and correct to the best of my/our knowledge and the changes are not being requested on account of any revocation of the certificate of registration by the competent authority.

Date: Signature of the Authorised Person(s)

8. List of Enclosed Documents:

Place:
Date:

Signature of the Authorised Person(s)
Name:
Designation:

# Form 4

## AMENDMENT OF CERTIFICATE OF REGISTRATION
[*See* rule 6 (2)]

| | | |
|---|---|---|
| 1 | No.: | |
| 2 | Issue Date: | |
| 3 | Valid Up to: | |
| 4 | Issued To:<br>(a) Name of the Organization:<br>(b) Registration No.:<br>(c) Issue Date :<br>(d) Valid Up to: | |
| 5 | Amendment Details: | |

Date:

Place:

**Signature along with seal**
**Name:**
**Designation:**